મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

ગાંધીનગર તાપમાન

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં નવરાત્રીના પ્રારંભે જ જ્યોતિ મહિલા મંડળ દ્વારા સુંદર ગરબાનું આયોજન સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૫ વર્ષની નાની બાળકીથી ૭૫ વર્ષના વયોવૃધ્ધ મહિલાએ પણ ભાગ લીધો હતો. જ્યોતિ મહિલા મંડળ દ્વારા છેલ્લા સાડાચાર દાયકાથી ચપટી, ઠેસ, તાળી દ્વારા પરંપરાગત ગરબાને ધબકતો રાખવાનો પ્રયાસ કરવામાં આવે છે. જ્યોતિ મહિલા મંડળ દ્વારા સાત કેટેગરીમાં યોજાયેલ ગરબા સ્પર્ધામાં ૧૫૦૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. વિવિધ ગ્રુપ દ્વારા ગરબાની સુંદર પ્રસ્તુતી કરવામાં આવતા નવરાત્રીનો અનેરો માહોલ જામ્યો હતો.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ કડી કેમ્પસ ખાતે ખીમજી વિસરામ હોલ ખાતે આજે બપોરના સુમારે જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગાંધીનગર શહેરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, જ્યોતિ મહિલા મંડળના પૂર્વ પ્રમુખ લતાબેન ચોકસી, ડીસીબી બેંકના હિરેનભાઈ તેમજ જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડો. ચેતનાબેન બુચ દ્વારા દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભે જ દહેગામના હરેશભાઈ જોષી દ્વારા ૧૦૦૧ દિવડાની માતાજીની સુંદર આરતી કરવામાં આવી હતી. આ અદભુત આરતી જોઈ સૌ કોઈ દંગ રહી ગયા હતા. ત્યારબાદ કાર્યક્રમમાં આગળ વધતા બહેનો દ્વારા સુંદર ગરબાની પ્રસ્તુતી કરવામાં આવી હતી. જેમાં વિવિધ સાત કેટેગરીમાં ૫ વર્ષની બાળકીથી ૭૫ વર્ષના મહિલાઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. એક સાથે ચાર પેઢી એ ગરબા રજુ કર્યા હતા. બેડા લઈને ગરબા, ચપટીવાળા ગરબા, ઠેંસવાળા ગરબા, હીંચ, એક તાળી, બેતાળી, ત્રણ તાળી અને થાળી લઈને તેમજ માથા પર સુંદર કલાત્મક ગરબા માથે લઈને બહેનો ઘુમી હતી. સૌ કોઈએ તાળીઓથી બહેનોને વધાવી લીધી હતી. જ્યોતિ મહિલા મંડળ દ્વારા દરેક મહિલાને લ્હાણી આપવામાં આવી હતી. તેમજ દરેક કેટેગરીમાં એક બમ્પર ઈનામ રાખવામાં આવ્યું હતું. જયારે વિવિધ કેટેગરીમાં ૧૨૫ ઈનામો આપી મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા ગરબા સ્પર્ધાનું આયોજન કરીને પરંપરાગત ગરબાને ધબકતો રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે સંસ્થા દ્વારા ઉપપ્રમુખ મીનાબેન શાહનું વિવિધ કાર્યોને પગલે સન્માન કરવામાં આવ્યું હતું. જ્યોતિ મહિલા મંડળ છેલ્લા સાડાચાર દાયકાથી વધુના સમયથી કાર્યરત છે તેમજ મંડળ દ્વારા વિવિધ સામાજીક, સેવાકીય અને વિકાસના કાર્યો કરવામાં આવે છે તેમ મંડળના પ્રમુખ ડો. ચેતના બુચે જણાવ્યું હતું.





## @ગાંધીનગર

**બીજુ નોરતું**

● સે-૨૨ ગબ્બર ચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે ઝનકાર ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૩-સી શિવ શકિતચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સ્વસ્તિક મ્યુઝીકલ પાર્ટી દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રા સે-૬ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે પૃથ્વી રાજ ગ્રુપ પેથાપુર દ્વારા ગરબાની રંગત જામશે.

● વારાહી પ્રગતિ મંડળ દ્વારા વારાહી ચોક સરઢવ ખાતે રાત્રે ૮ કલાકે અર્ચના મ્યુઝીકલ ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

●●●●●

● અખિલ ગુજરાત ગ્રામ પંચાયત કર્મચારી મહામંડળ દ્વારા મહાસભા શિવાલય પાર્ટી પ્લોટ ક-૭ પાસે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો લીલાબેન પ્રવિણભાઈ ચૌધરી સે-૭-એ પ્લોટ નં. ૩૫૫/૧ ખાતે બપોરે થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ચંપાબેન કે. ઝાલા પ્લોટ નં. ૬૪/૧, ગાંધી મંદિર સામે, સે-૧૪ ખાતે યોજાશે.

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો જયાબેન પટેલ, પ્લોટ નં. ૨, સે-૨૮ ખાતે બપોરે ૩ થી ૬ કલાકે યોજાશે.

# જમીન વિકાસ નિગમના કર્મચારીઓને ૭મું પગારપંચ આપો

## અતિવૃષ્ટિમાં ૬ જિલ્લામાં જમીન ધોવાણનો સર્વે કરનારા નિગમના કર્મચારીઓ ૭મા પગારપંચથી વંચિત

ગાંધીનગર, તા.૨૧

રાજય સરકાર દ્વારા કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં આવી રહ્યો છે પરંતુ રાજય સરકારના જાહેર સાહસ એવા ગુજરાત રાજય જમીન વિકાસ નિગમના કર્મચારીઓને આ લાભથી વંચિત રખાયા છે. રાજય સરકારની વિવિધ પ્રજા લક્ષી ખેડૂત ખાતેદારોની કામગીરી કરતા અને ૧૦૦ ટકા ગ્રાન્ટથી ચાલતા નિગમના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ ના મળતા કર્મચારીઓમાં અસંતોષની લાગણી પ્રર્વતી રહી છે.

ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ કર્મચારી સંઘ દ્વારા નિગમના કર્મચારીઓને થઈ રહેલા અન્યાયને દૂર કરી સત્વરે સાતમા પગાર પંચનો લાભ આપવા માંગ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ નિગમના કર્મચારીઓ તથા ખેતીવાડી ખાતાના પ્રતિ નિયુકિત ધોરણે પણ ફરજ બજાવે છે. રાજયમાં જયારે પણ અતિવૃષ્ટિની પરિસ્થિતિ પેદા થાય ત્યારે આ કર્મચારીઓને જમીન ધોવાણના સર્વેની કામગીરી સોંપવામાં આવે છે તે અંતર્ગત તાજેતરમાં બનાસકાંઠા નિગમના કર્મચારીઓએ જમીન ધોવાણના સર્વેની કામગીરી કરી હતી. આ જિલ્લાઓમાં બનાસકાંઠા, સુરેન્દ્રગર, અમરેલી, રાજકોટ, જામનગર અને કચ્છનો સમાવેશ થાય છે. જમીન વિકાસ નિગમમાં કાર્યરત ૫૫૪ કર્મચારીઓ પ્રત્યેનું ઓરમાયું વર્તન ત્યજી સરકારે તાકીદે ૭મા પગાર પંચનો લાભ આપવા રાજય જમીન વિકાસ નિગમ કર્મચારી સંઘ દ્વારા માંગ કરવામાં આવી છે.




ભારત સરકારની વિમા કંપની ધી ઓરિએન્ટલ ઈન્શ્યુરન્સ કંપની લિ.ની તાજેતરમાં શિલોંગ ખાતે ઑલ ઈન્ડિયા ચેરમેન કલબ એજન્ટ મિટીંગ યોજાઈ હતી. આ મિટિંગમાં તલોદ તથા ગાંધીનગર ખાતે કાર્યરત મનોજ પંડયાને ‘બેસ્ટ પરફોર્મન્સ ઓફ ધી યર’ના એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. મનોજ પંડયાએ આ પ્રસંગે ગ્રાહકોને પડી રહેલ મુશ્કેલીઓ તથા તેના ઉપાયો અંગે ઓપન હાઉસમાં ચર્ચા રજૂ કરી હતી જેનાથી કંપનીના હેડ ઓફિસના જનરલ મેનેજર ઉપરાંત ચેરમેન સહિત તમામ એજન્ટો પ્રભાવિત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આ એવોર્ડથી મનોજ પંડયાએ સમગ્ર અમદાવાદ રિજીયનનું નામ રોશન કર્યું છે.

# ગાયત્રી મંદિરમાં રવિવારે રકતદાન શિબિર

ગાંધીનગર, તા.૨૧

ગાયત્રી પરિવાર ગાંધીનગર તથા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિરનું આયોજન તા. ૨૪મી સપ્ટેમ્બર રવિવારના રોજ ગાયત્રી મંદિર સેકટર-૧માં સવારે નવ વાગે શિબિરનું આયોજન કરેલ છે. શિબિરમાં બહોળી સંખ્યામાં રકતદાનની ફરજ બજાવવા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલના મંત્રીશ્રીએ જણાવેલ છે.

# અડાલજમાં ઘરફોડીયાઓ બેફામ સાત બંગલાના તાળા તુટયા

## છ બંગલામાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ : એક બંગલામાંથી ૨૨ હજારની મત્તા તસ્કરોને હાથ લાગી

ગાંધીનગર, તા.૨૧

અડાલજ પંથકમાં ઘરફોડીયાઓ પેધા પડી ગયા હોમ તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં એક સોસાયટીમાં ત્રણ મકાનોના તાળા તુટયા હતા. આ ઘટનામાં પોલિસ હજુ ઘરોડીયાઓ સુધી પહોંચવા એકશન પ્લાન બનાવે તે પહેલા બીજી એક સોસાયટીમાં ઘરફોડીયા તરખાટ મચાવી ગયા છે. ગઈ રાત્રે અડાલજમાં સ્વાગત સીટી સોસાયટીમાં ઘરફોડ ગેંગે આઠ મકાનોના તાળા તોડયા છે જેમાંથી એકમાંથી ૨૨ હજારની મત્તા લઈ જવામાં સફળતા મળી છે. અડાલજ પોલીસે મકાનમાલિકની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

અડાલજ સ્વાગત સીટી સોસાયટીમાં બંગલા નંબર-૨૩માં રહેતા જેતાભાઈ પ્રભાતભાઈ ભૌમિકે અડાલજ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમના બંગલાના મુખ્ય દરવાજાનું તાળુ તોડીને અંદર ઘુસી તસ્કરો સોનાની બુટ્ટીઓ તથા રોકડ રૂ. ૧૮ હજાર મળી કુલ રૂ. ૨૨ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. રાત્રીના એકથી ચાર વાગ્યાના અરસામાં આ જેતાભાઈના બંગલામાંથી ચોરી થઈ હતી તે ઉપરાંત આ જ સોસાયટીના અન્ય છ બંગલાના તાળા પણ તુટયા હોવાનું સવારે ધ્યાને આવ્યું હતું. બંગલા નં. ૩૫, ૧૯, ૩૮, ૯૨, ૯૭ અને ૧૪૭માં તાળા તુટયા હોવાનું બહાર આવ્યું છે. જો કે આ બંગલામાંથી કોઈ ચોરી ન થતા નિષ્ફળ ચોરીનો ઉલ્લેખ જેતાભાઈની ફરિયાદમાં જ પોલીસે કરી દીધો છે. ઘરફોડીયા અંગે અડાલજ પોલીસે ઉંડી તપાસ શરુ કરી છે.

## આઈ લવ માય ગાંધીનગર



**જયંતીભાઈ વી પટેલ**
**આચાર્ય, સ્વામી યોગાનંદ વિદ્યાલય, જીઈબી કોલોની**

**ગાંધીનગર ગમે**

ગુજરાતનું સૌથી શ્રેષ્ઠ શહેર એટલે ગાંધીનગર. દુનિયાને આકર્ષતી સુંદરતા, સ્વચ્છતા, આધ્યાત્મિકતા, કલા અને સંસ્કૃતિની અનેક પ્રવૃત્તિઓના કારણે અને માનવસર્જિત સગવડતાઓને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત, વૈવિધ્યતાસભર મિજાજ ધરાવતા રાજકારણીઓ, વેપારીઓ, નોકરિયાત, સ્ટેટ ફોરવર્ડ અને સજ્જન.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કલ્ચરલ ફોરમ, લાયન્સ કલબ, સિટિઝન્સ કાઉન્સિલ, ભારત વિકાસ પરિષદ, સ્કાઉટ ગાઈડ જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓ ગમે છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જ ગાંધીનગરની ઓળખ છે.

**નગરને બહેતર બનાવવા**

ગરીબોની સેવા, યુવાનોનો વિકાસ, રોજગારી, ટ્રાફિક અવેરનેસ, ઉર્જાની બચત, વૃક્ષારોપણ, સ્વચ્છતા જેવી બાબતો ધ્યાનમાં લેવાય તે જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

સેવાકીય પ્રવૃત્તિઓ કરવા માટે રકતદાન, ચક્ષુદાન, દેહદાન, વસ્ત્રદાન, અન્નદાન જેવી પ્રવૃત્તિઓમાં સહાયક બનવા તત્પર હું છું.

# ગાંધીનગર જિલ્લામાં કારકિર્દી આયોજન સપ્તાહનો આરંભ

ગાંધીનગર, તા.૨૧

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે કારકિર્દી આયોજન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન સપ્તાહનો શુભારંભ તા.૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ માણસાની શેઠ એન.એચ.ગર્લ્સ હાઈસ્કુલ ખાતેથી કરવામાં આવ્યો હતો. તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના દિન સપ્તાહનો સમાપન સમારંભ યોજાશે.

સપ્તાહના શુભારંભ પ્રસંગે રોજગાર કચેરીના રોજગાર અધિકારી, માણસા મામલતદાર શ્રી મહેશ સોની, શાળાના આચાર્ય શ્રીમતી ગીતાબેન જોષી, વ્યવસાય માર્ગદર્શન શાખા, અમદાવાદના શ્રીમતી મધુબહેન દવે તથા રોજગાર કાઉન્સેલર તેમજ શાળાના બાળકો ઉપસ્થિત રહ્યાં હતા.

# એમ.બી. પટેલ ગર્લ્સ પ્રા. શાળામાં નિબંધલેખન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા. ૨૦-૯-૨૦૧૭ને બુધવારના રોજ ધોરણ-૬ થી ૮માં ‘સ્વચ્છતા શા માટે જરુરી છે?’ તથા ધોરણ ૩ થી ૫માં ‘શાળા, મેદાન અને વર્ગની સ્વચ્છતા માટે હું શું કરી શકું?’ આ વિષય પર નિબંધલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાની બધી જ ૨૦૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પંડયા પ્લક્ષા ધો-૩, રાઠોડ રાજવી ધો-૪, રાઠોડ જાનવી ધો-૫, પટેલ નૈયા ધો-૬, ચાવડા જયશ્રીબા ધો-૭, ઠાકોર આરતી ધો-૮ આ વિદ્યાર્થીની બહેનોએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. સ્પર્ધાનું આયોજન શાળાના મદદનીશ શિક્ષિકા ગીતાબેન પટેલ તથા ચેતનાબેન પટેલે કર્યું હતું. શાળાના આચાર્યા નીરૂબેન જે. પટેલે તમામ વિજેતા વિદ્યાર્થી બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ચિલોડા ખાતે સ્વચ્છતા અભિયાન




ચિલોડા, તા.૨૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ પોલીસ સ્ટેશન, ચિલોડા ગ્રામ પંચાયત અને હોમગાર્ડ યુનિટના સંયુકત ઉપક્રમે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા ત્યાં પ્રભુતા, સ્વચ્છતા હી સેવા મંત્રને ચરિતાર્થ કરવા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. આ સફાઈ અભિયાનમાં પી.આઈ. એલ.ડી. વાઘેલા સહિત પોલીસકર્મી, હોમગાર્ડ જવાનો, ગ્રામ પંચાયતના સભ્યો સહિત ચિલોડા સર્કલના આસપાસના વિસ્તારોમાં હાથમાં ઝાડુ-પાવડા સહિત સાધનો વડે સાફ સફાઈ કરી હતી. સાથે સાથે હાથમાં સ્વચ્છતા અંગેના સુત્રોના બેનરો સાથે રેલી સ્વરૂપે વિવિધ વિસ્તારોમાં ભ્રમણ કરી સ્થાનિક રહીશોને જરુરી પેમ્ફલેટ આપી જાગૃતિ અભિયાન હાથ ધર્યું હતું.

## વાતવાતમાં

● નવરાત્રિના પ્રારંભ સાથે શહેરના સે-૨૧ સહિત વિવિધ સેકટર્સમાં પૂજાપાની દુકાનો પર ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. શ્રધ્ધાળુ નાગરિકોએ ફુલહાર, ચુંદડી સહિતના પૂજાપા ઉપરાંત ગુગળ સહિતના ધુપ-અગરબત્તી વગેરેની ખરીદી કરી હતી.

● શહેરમાં ફરી એકવાર મુખ્ય માર્ગો પર રખડતા ઢોરોનું સામ્રાજય છવાઈ ગયું છે. મુખ્યમાર્ગોપરના ડિવાઈડર્સમાં ઉગી નીકળેલ ઘાસચારાને ચરવાના પ્રયાસમાં આ પશુઓને કારણે માર્ગ સલામતી જોખમમાં મુકાઈ રહી છે.

● સરગાસણ ચાર રસ્તા નજીક સર્જાયેલા અકસ્માતમાં એક વૈભવી કાર પલ્ટી ખાઈ જવા પામી હતી. આ અકસ્માતમાં એક આધેડને ઈજાઓ થવા પામી હતી.

● કલોલ તાલુકાના આરોગ્ય કર્મીઓએ આરોગ્ય ગરબો બનાવી યુ ટયુબ પર મુકયો છે.

● ડિઝાસ્ટર મેનેજમેન્ટના નિયામક તરીકે ડે. કલેકટર સંજય જોશીને વધારાનો હવાલો સોંપવાનો નિર્ણય કરેલ છે.

# પાવન મંત્રોચ્ચાર વચ્ચે નવરાત્રીનો શુભારંભ

## શુભમુર્હુતમાં ઘટસ્થાપન થયા અને પ્રથમ સ્વરૂપ શૈલ પુત્રી પૂજાયા, આજે બીજા નોરતે આદ્યશકિતના બ્રહ્મચારિણી સ્વરૂપનું પૂજન

ગાંધીનગર, તા.૨૧

મા જગતજનની જગદંબાના મહાપર્વ નવરાત્રીનો મંત્રોચ્ચારના પ્રચંડ ધ્વનિ થકી શકિત, ભકિત અને ગરબાની રમઝટ સાથે રંગેચંગે મંગલ પ્રારંભ થયો છે. આસો સુદ એકમની સવારે શુભમુર્હુતમાં આદ્યશકિતના ઘટસ્થાપન કરવામાં આવ્યા અને મા દુર્ગાના પ્રથમ સ્વરૂપ શૈલપુત્રીના પૂજન અર્ચન કરવામાં આવ્યા. આજે જગદંબાના બીજા સ્વરૂપ મા બ્રહ્મચારિણીનું પૂજન કરવામાં આવશે.



મા દુર્ગાના નવરાત્રી દરમિયાનના નવસ્વરૂપોનું પૂજન અર્ચન મનોવાંચ્છિત ફળ પ્રાપ્તિ કરાવે છે. આ મહાનશકિતના પર્વના પ્રારંભથી જ દેવી ભકતોએ સંકલ્પ લઈ જપ-તપ, વ્રત અને અનુષ્ઠાનનું શુભ કાર્ય આરંભી દીધું છે. મા જગંદબાના પૂજન માટે આસન, યદ્યિ, અર્ધ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, અત્તર, અક્ષત, પુષ્પ, સૌભાગ્ય દ્રવ્ય, ધુપ-દીપ, નૈવેધન, ઋતુફળ, મુખવાસ, નિરાજંન, પુષ્પાંજલિ, પ્રદક્ષિણા, પ્રાર્થના અને ક્ષમાભાવની ધાર્મિકવિધિ થાય છે. બ્રહ્માંડનો ઉત્પન્ન કરનારી આદ્યશકિત મા દુર્ગા છે તેમજ જગતમાં માનવીની રક્ષા ફકત દેવી કવચ કરી શકે છે તે શાસ્ત્રોમાં વર્ણવાયું છે.

આજે બીજા નોરતે માતાજીના દ્વિતીય સ્વરૂપ બ્રહ્મચારિણીના પૂજનનો શ્રેષ્ઠ મહિમા છે. માતા બ્રહ્મચારિણીએ શ્વેત વસ્ત્રો પહેર્યા છે તેમના જમણા હાથમાં અષ્ટદલની જપમાળા તથા ડાબા હાથમાં કમંડલ શોભે છે. આ દેવીએ ભગવાન મહાદેવને પ્રાપ્ત કરવા માટે એક હજાર વર્ષ સુધી માત્ર ફળ ખાઈને અને ત્રણ હજાર વર્ષ સુધી માત્ર વૃક્ષ ઉપર પડેલા પાંદડા ખાઈને આકરી તપસ્યા કરી હતી. તેમની આ કઠોર તપસ્યાને કારણે તેઓ બ્રહ્મચારિણી નામથી પૂજાયા. દેવીના આ સ્વરૂપનું પૂજન કરનાર સાધકના તપ, ત્યાગ, સદાચાર અને સંયમ જેવા સદગુણોમાં વૃધ્ધિ થાય છે. વધુમાં નવરાત્રી દરમિયાન દુર્ગાસપ્ત સતીનો પાઠ કરવાનું ઘણું જ મહત્વ રહેલું છે. જગદંબાના આ પર્વને દૈવી શકિતને રીઝવવા માટેનું ઉત્તમ પર્વ માનવામાં આવે છે. નવરાત્રીના બુલંદ મંત્રોચ્ચારના ધ્વનિ સાથે થયેલો પ્રારંભ સૌ કોઈના ઉત્સાહમાં વધારો કરી રહ્યું છે તેમજ યુવાધન પણ માતાજીના ગરબામાં ઘુમીને નવરાત્રીનો મહિમા વધારી રહ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર દશરથજી મંગાજી, ઉ.વ. ૩૩
- સ્વ. પ્રજાપતિ રેવાબેન ગંગારામ, ઉ.વ. ૬૫
- સ્વ. ભટ્ટ વિષ્ણુપ્રસાદ મગનલાલ, ઉ.વ. ૭૦
- સ્વ. ચાવડા કચરાજી નવલજી, ઉ.વ. ૭૫
- સ્વ. પુષ્પાબેન નરેશભાઈ વાઘેલા, ઉ.વ. ૪૨
- સ્વ. ઠાકોર મેનાબેન કનુજી, ઉ.વ. ૫૦
- સ્વ. કિર્તિકુમાર બાબુભાઈ નાયક, ઉ.વ. ૪૬